# ઊંઝા મામલતદાર કચેરીમાં જરૂરી અરજીપત્રકોના ફોર્મની અછતને કારણે નાગરિકો ભારે પરેશાન

ઊંઝા, તા. ૨૪

ઊંઝા મામલતદાર કચેરીમાં વિવિધ દાખલાઓ, અરજીપત્રકોના જરૂરી ફોર્મ મળતા ન હોઈ લોકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. નાગરિકોને ઝેરોક્ષ સેન્ટરો તથા અન્યો પાસેથી ઉંચી કિંમતે જરૂરી ફોર્મ મેળવવા પડતાં હોવાની લોક ફરિયાદો ઉઠી છે. મામલતદાર કચેરીમાં જુદા જુદા ફોર્મની અછતને લીધે નાગરિકો અને અધિકારીઓ તથા કર્મચારીઓ વચ્ચે બોલાચાલી ઘર્ષણના બનાવો બનતા હોવાનું કહેવાય છે.

બીજું કેટલાક ફોર્મ ભરવામાં નાગરિકોને મુંઝવણ થતી હોય છે. આ માટે અધિકારીઓ તરફથી યોગ્ય માર્ગદર્શન અપાતું નથી. અને તોછડાઈ ભર્યુ વર્તન દાખવવામાં આવે છે. પરિણામે નાગરિકોમાં ભારે અસંતોષની લાગણી ફેલાઈ છે.

મામલતદાર કચેરીમાં છેલ્લા ઘણા વખતથી જમીનની વારસાઈ, વહેંચણી, હક્કપત્રકની નોંધ, બોજા કમી અંગેના જરૂરી ફોર્મ, રેશનીંગ કાર્ડને લગતા વિવિધ ફોર્મ, વિદ્યાર્થીઓને લગતા આવકના દાખલા, ક્રિમિનલીયર સર્ટી મેળવવાનું ફોર્મનો દુકાળ પડ્યો છે. પરિણામે પ્રજા ભારે મુશ્કેલી વેઠી રહી છે. બીજું આ કચેરીને ભ્રષ્ટાચારનો ભોરીંગ આભડી ગયો હોવાની લોક ફરિયાદો ઉઠી છે. કચેરીમાં દલાલો, વચેટીયાઓની બોલબાલા વધી જવા પામી છે.

## ઊંઝા-સિદ્ધપુર હાઈ-વે પર અજાણ્યા વાહનની ટક્કરે સાઈકલ ચાલકનું મોત

ઊંઝા, તા. ૨૪

ઊંઝા-સિદ્ધપુર ફોરલેન હાઈવે પર બ્રાહ્મણવાડા ગામ નજીક કોઈ અજાણ્યા વાહને એક સાયકલિસ્ટને ટક્કર મારતાં સાયકલ પર સવાર યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે રહેતા અમરતજી પ્રતાપજી ઠાકોર ઉં.વ. ૪૦ સાંજના સમયે સાયકલ પર બ્રાહ્મણવાડા હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહનચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને સાયકલ સવારને અડફેટે લેતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ થવાથી કરૂણ મોત નિપજ્યું હતું.

અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક વાહન હંકારીને ક્યાં નાસી છુટ્યો હતો. આ બનાવ અંગે મરનાર યુવાનના પિતાની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# ખેડબ્રહ્માની વિવિધ વાજબી ભાવની દુકાનોમાં થતી ખુલ્લેઆમ ગેરરીતિથી લોકોમાં આક્રોશ

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ ઉડાણના વિસ્તારોમાં આવેલ અનેક સરકારી વાજબી ભાવની દુકાનોમાંથી મોટા પાયે દુકાનના સંચાલકો દ્વારા અનાજ અને કેરોશીનનો પુરવઠો બારોબાર વેચી મારવામાં આવતો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. ત્યારે આ સમગ્ર મામલો પુરવઠા વિભાગના અધિકારીઓ બધુ જાણતા હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા છે. જેથી સ્થાનિકોમાં આ મામલે ભારે આક્રોશ પ્રવર્ત્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ ઉંડાણના વિસ્તારોમાં અનેક સહકારી વાજબી ભાવની દુકાનો આવેલી છે. જેમાં પુરવઠાતંત્ર દ્વારા દુકાનના સંચાલકોને કાર્ડ ધારકોનો વિતરણ માટે ઘઉં, તેલ, કેરોસીન, ચોખા વગેરે પુરૂ પાડવામાં આવે છે. પરંતુ આ પુરવઠો કાર્ડ ધારકોને આપવાના બદલે સંચાલકો બારોબાર આ તમામ પુરવઠો ઉંચા ભાવે બહાર વેચી નાંખે છે. અને ગરીબ વર્ગનો કોળીયો છીનવી લેવામાં આવી રહ્યો છે. પરિણામે આ સમગ્ર મામલે રેશનકાર્ડ ધારકો રોષે ભરાયા છે અને જિલ્લા પુરવઠા અધિકારી દુકાનોની ઓચિંતી તપાસ હાથ ધરી દુકાનોમાં થતી ગેરરિતી સામે પગલા ભરી તેના સંચાલકો વિરૂદ્ધ કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# સાબરકાંઠા જિલ્લામાં ત્રણ અકસ્માતમાં ત્રણના મોત

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં બુધવારના રોજ મેઘરજ તાલુકામાં એક અને હિંમતનગર તાલુકામાં બે એમ ત્રણ અલગ-અલગ સર્જાયેલા અકસ્માતમાં ત્રણના મોત નીપજ્યા હતા. આ અંગે જે તે પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ હિંમતનગરથી ધનસુરા માર્ગ પર કાબોદરી ગામ નજીક બુધવારના રોજ બપોરે ૩ વાગેના સુમારે ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં હિંતમનગરના ચિસ્તીયાનગરમાં રહેતા મનસુરી પરિવારના ત્રણ સભ્યોના ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યા હતા. જ્યારે ૨૩ વર્ષીય દિયર યાશીન રોશનભાઈ મનસુરીને ગંભીર ઈજાઓ થઈ હતી. જેને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવ્યા હતા.જ્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાયેલ હતા જ્યાં સારવાર દરમિયાન મોડી રાત્રીના યાશીન રોશનભાઈ મનસુરીનું મોત નીપજ્યું હતું. આ અંગે તલોદ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. જ્યારે બીજો અકસ્માત બુધવારની મોડી સાંજે ૭.૩૦ વાગેના સુમારે હિંમતનગરના ઝાહીરાબાદમાં રહેતા અને વિજાપુર ખાતે સેન્ટમેરી સ્કૂલમાં આચાર્ય ૪૮ વર્ષીય ટી.ડી. જેકોબ પાણપુર પાટિયા નજીક ચર્ચમાં પ્રાર્થના કરીને ઘરે જઈ રહ્યા હતા દરમિયાન ટ્રક નંબર જીજે-૯-વી-૮૧૦૮ના ચાલકે પોતાની ટ્રક બેદરકારી રીતે રીવર્સ કરતા ચાલતા જતા ૪૮ વર્ષીય ટી.ડી. જેકોબને ટક્કર વાગી હતી.જેથી પડી ગયેલ ૪૮ વર્ષીય ટી.ડી.જેકોબ પર ટ્રકનું પાછળનું ટાયર તેમની પર ફળી વળતા ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યું હતું. જ્યારે ટ્રક ચાલક ટ્રક મુકી નાસી ગયો હતો આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે જોસબ બૌસલી ક્રિશ્ચિયને ફરિયાદ નોંધાવી હતી. ત્રીજો અકસ્માત મેઘરજ તાલુકાના બાઠીવાડા ત્રણ રસ્તા નજીક બુધવારના રોજ સાંજે ૬.૩૦ વાગેના સુમારે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર ઈજાગ્રસ્ત મેઘરજ તાલુકાના વસાઈ ગામના સોમાભાઈ ભેમાભાઈ ડામોરનું સ્થળ પર મોત નીપજ્યું હતું. આ અંગે મેઘરજ પોલીસમથકે ભીખાભાઈ ભેમાભાઈ ડામોરે ફરિયાદ નોંધાવી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં બે સ્થળે સમૂહ લગ્નોત્સવ યોજાશે

હિંમતનગર, તા.૨૪

લગ્ન કોર્ટમાં થાય એ કરાર છે, ઘરે થાય તે વ્યવહાર છે પરંતુ સમૂહમાં થાય તે શ્રેષ્ઠ સંસ્કાર છે તે આશયથી અનેક સમાજના દર વર્ષે સમૂહ લગ્નોત્સવ યોજાય છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના ઈડર પાસે આવેલ કૃષ્ણનગર નજીક પટેલ સમાજવાડીમાં શ્રી ઈડર પરગણા મોચી સમાજનો ૧૫મો સમૂહલગ્ન ૨૮મી જાન્યુઆરીને સોમવારના રોજ યોજાશે જેમાં ૬ નવદંપતિઓ પ્રભુતામાં પગલા કરશે આ લગ્નના આયોજન માટે સમાજના અને સમૂહ લગ્નોત્સવ સમિતિના સદસ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. જયારે ૨૭મી જાન્યુઆરીને રવિવારના રોજ શ્રી ઉત્તર ગુજરાત હિંદુ ધોબી સમાજનો ૧૫મો સમૂહ લગ્નોત્સવ હિંમતનગર શહેરના સહકારી જીન પાસે આવેલ મોડાસા કડવા પાટીદાર સમાજવાડી ખાતે યોજાનાર છે જેમાં ૧૨ નવદંપતિઓ પ્રભુતામાં પગલા માંડશે આ સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે સમાજના અને સમૂહ લગ્નોત્સવ કમિટીના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ખેડબ્રહ્મા પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો અઢાર અપક્ષો સહીત કુલ ૯૭ ઉમેદવારીપત્રો ભરાયા



ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા નગરપાલિકાને ચૂંટણીમાં ઉમેદવારીપત્રો ભરવાના છેલ્લા દિવસ ગુરૂવારે ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો અને કુલ ૨૭ બેઠકો માટે ૯૭ ઉમેદવારી ફોર્મ ભરાયાં હતાં. ગુરૂવારના દિવસે જ ૩૨ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી માટે ઉત્સાહ દર્શાવ્યો હતો અને જનતાની સેવા કરવાની કટીબદ્ધતા દર્શાવી હતી.

ખેડબ્રહ્મા પાલિકાના ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી આર.આર. ઠક્કર તથા ચૂંટણી નાયબ મામલતદાર પી.કે. પટેલના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા પાલીકાની ચૂંટણીનું જાહેરનામુ ૧૯મીના રોજ પ્રસિદ્ધ થયું હતું. જેમાં મંગળવારના રોજ ૧૮ અને બુધવારના રોજ ૪૭ ફોર્મ મળી કુલ ૬૫ ઉમેદવારીફોર્મ ભરાયા હતા. જયારે ગુરૂવારના રોજ ૩૨ ઉમેદવારોએ ફોર્મ ભરતાં ફોર્મ ભરવાના અંતિમ દિવસ અને સમય સુધીમાં કુલ ૯૭ ઉમેદવારી ફોર્મ ભરાયાં છે. જેમાં ભાજપનાં ૪૪ કોંગ્રેસનાં ૩૫ અને અપક્ષોના ૧૮ ઉમેદવારી ફોર્મ ભરાયાં છે. ભરાયેલાં ઉમેદવારી ફોર્મની ચકાસણી સોમવારના રોજ હાથ ધરવામાં આવશે.

ખેડબ્રહ્મા પાલિકામાં ભાજપ અને કોંગ્રેસ પક્ષો તરફથી ભરાયેલાં ફોર્મના ઉમેદવારોમાં કોને ટીકીટ મળશે અને કોની ટીકીટ કપાશે તેની ચિંતા ઉમેદવારોના ચહેરાઓ ઉપર સ્પષ્ટ વાંચી શકાતી હતી. ઉમેદવારોમાં અને નગરજનો ઉમેદવારોની ટીકીટને લઈને અફવાઓ જોર પકડ્યું છે. સાચી હકીકત તો સોમવારે ચકાસણીના સમયે જ જાણી શકાશે.

## સાબરકાંઠા જિલ્લામાં છેડતીના બે બનાવો

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના અભાપુર ગામની સીમમાં ૨૧મી જાન્યુઆરીની સાંજે ૫.૩૦ વાગેના સુમારે ભિલોડાના જશવંતપુરા ગામના મનોજભાઈ ઉર્ફે મુન્નો ચંદ્રભાઈ કરબે અભાપુર ગામની સગીરાનો હાથ પકડી તેની સાથે ખેંચતાણ કરી આબરૂ લેવાની કોશિશ કરીને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જેથી સગીરાના પિતાએ ભિલોડા પોલીસમથકે મનોજભાઈ ઉર્ફે મુન્નો ચંદ્રભાઈ કરબ વિરૂદ્ધ બુધવારના રોજ ફરિયાદ નોંધાવી હતી જ્યારે બીજો બનાવ ખેડબ્રહ્મા તાલુકાના સોનગઢ ગામની સીમમાં સવા મહિના પહેલા ૨જી ડીસેમ્બર-૨૦૧૨ના રોજ બપોર-૩ વાગેના સુમારે ગામની પરણીતા લાકડા વીણવા ગયેલ ત્યારે ગામના જ ઈસમ શૈલેષભાઈ બચુભાઈ ડાભીએ પરણીતાની એકલતાનો લાભ લઈ તેના કપડા ફાડી નાખેલ જેથી બુમાબુમ કરતા છરી બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. દરમિયાન પરણીતાની સાસુ આવી જતા તેને પણ ગાળો બોલી હતી. આ અંગે પોશીના પોલીસમથકે પરણીતાએ શૈલેષભાઈ બચુભાઈ ડાબી વિરૂદ્ધ બુધવારના રોજ ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ નગરપાલિકાની ઉમેદવારી માટેના ૧૬૪ ફોર્મ સામે કુલ ૭૭ ફોર્મની ઉમેદવારી નોંધાઈ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં નગરપાલિકાની ૧ થી ૭ વોર્ડની ઉમેદવારી માટેના ૧૬૪ ફોર્મ મામલતદાર ઓફીસ પ્રાંતિજ ખાતેથી વહેંચવામાં આવ્યા હતા. જેમાં ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ સહિતના ૭૭ જણાએ ઉમેદવારી નોંધાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નગરપાલિકાની ઉમેદવારી નોંધાવા માટે ૧૬૪ ફોર્મ ઉમેદવારો દ્વારા લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તા. ૨૩મી જાન્યુઆરીના દિવસે ૧૩ ફોર્મ અપક્ષો દ્વારા ભરાયા હતા અને તા. ૨૪મી જાન્યુઆરી છેલ્લા દિવસે કુલ ૬૪ ફોર્મ ભરાયા હતા.જેમાં ભાજપના ૧૯, કોંગ્રેસના ૧૮ અને અપક્ષ દ્વારા કુલ ૪૦ ફોર્મ બરાયા છે. જેમાં વોર્ડ નંબર-૧માં ૧૦ ફોર્મ, વોર્ડ નંબર-૨માં ૧૦, વોર્ડ નંબર-૩માં ૧૨, વોર્ડ નંબર-૪માં ૧૦, વોર્ડ નંબર -૫માં ૧૧, વોર્ડ નંબર-૬માં ૧૪, વોર્ડ નંબર-૭માં ૧૦ એમ કુલ ૭૭ ફોર્મ છેલ્લા દિવસે ભરાયા હતા. અત્યારે તો બધાજ વોર્ડમાં અપક્ષોની બોલબાલા જોવા મળે છે. ભાજપ-કોંગ્રેસ દ્વારા પ્રાંતિજ નગરપાલિકાની સત્તા સંભાળવા બન્ને પક્ષો દ્વારા કમરતોડ મહેનત આદરી છે.

# બોરૂ ગામે વૃધ્ધા બસના ટાયર નીચે આવી જતા સારવાર દરમિયાન મોત

માણસા, તા. ૨૪

માણસા તાલુકાના બોરૂ ગામે એસ.ટી. બસમાં બેસવા જતા પડી ગયા હતા ત્યારે બસના પાછળના ટાયર નીચે આવી જતા ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે મહેસાણા સિવિલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું જે અંગે માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા નજીક આવેલ બોરૂ ગામે રહેતા ૭૧ વર્ષીય ગુગુબેન મોનાજી ઠાકોર નામના વૃદ્ધાને ગતરોજ બપોરે ૧૨ કલાકે બહાર જવાનુ હોવાથી માર્ગ પર બસની રાહ જોઈ ઉભા હતા ત્યારે માણસા એસ.ટી. ડેપોની બસ નં. જીજે-૧૮-વી-૯૯૭૨ આવતા તેઓ તેનો દરવાજો પકડી બસમાં ચડવા જતા હતા ત્યારે આ બસના ચાલકે બસ ચાલુ કરી આગળ હંકારતા વૃદ્ધા બસમાંથી નીચે પટકાયા હતા અને બસના પાછળના ટાયર નીચે તેમનો પગ આવી જતા તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. આથી હાજર લોકોએ તાત્કાલિક સારવાર અર્થે મહેસાણા સિવિલમાં લઈ ગયા હતા જ્યાં ઈજાગ્રસ્ત વૃદ્ધાનું સારવાર દરમિયાન આજે વહેલી સવારે કરૂણ મોત નીપજ્યું હતું. આ મામલે માણસા પોલીસમથકમાં જાણ કરવામાં આવતા પોલીસે એસ.ટી.ના ડ્રાઈવર વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




પાલનપુરમાં માતૃશ્રી કુંવરબામા મહિલા જ્ઞાન મંદિર સંચાલીત કબીર આશ્રમ વાળા અને શાંતિપૂરમના સંચાલીકા પૂ. સરલાદીદી અને સેવામંડળ દ્વારા પાચમો સમૂહલગ્ન યોજાયો હતો. જેમાં ૨૫ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. જેમાં તમામ જ્ઞાતિઓના ગરીબ-મધ્યમ વર્ગના લોકો ભાગ લે છે. મૂળ ભારતીય અને હાલમાં વિદેશમાં અમેરિકા, લંડનથી સેવાભાવી દ્વારા નવ પરણીતાઓને તમામ ઘરની સામગ્રી ભેટ-સોગાદો ભોજન આપવામાં આવેલ.જેમાં સ્થાનિક લોકોમાં સેવાભાવીઓ જોડાયા હતા. (તસવીર : હરેશ જી. જોશી, પાલનપુર)

## વિજયનગરના જાલેટી ત્રણ રસ્તાથી ૧૫ હજારના કેબલ વાયર ચોરાયા

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના જાલેટી ત્રણ રસ્તા પાસેથી ટેલીફોન લાઈનના કેબલ વાયરો ૨૦૦ પેરના, બે કેબલ ૨૨ મીટર, તથા ૧૦૦ પેરના ચાર કેબલ ૨૦ મીટર મળી કુલ રૂ. ૧૫ હજારની કિંમતના કોઈ ચોર ઈસમોએ ૨૦ મી જાન્યુઆરીની રાત્રી દરમિયાન ચોરી કરી લઈ ગયેલ આ અંગે વિજયનગર પોલીસમથકે બુધવારના રોજ ટેલીફોન વિભાગના બકાજી નીરાજી મકવાણાએ ફરિયાદ નોંધાવી હતી.

## શિશુવિહાર ભાવનગર દ્વારા અલંગના કામદારોને તાલીમ આપશે

ભાવનગર, તા.૨૪

શિશુ વિહાર સંસ્થા ભાવનગર રેડક્રોસ તથા કામદાર કલ્યાણ તાલીમ ભવન અલંગના ઉપક્રમે માસ્ટર મુકાદમ અને કામદારો માટે આપતિ નિવારણ તાલીમ અપાશે.

આપત્તિ અને અકસ્માત સમયે કામદારો સતર્ક બને ૧૫૮ પ્લોટમાં ઓછામાં ઓછા દરેક પ્લોટમાં ૩ કામદારો તાલીમ બદ્ધ હોવાના આશયથી તાલીમ ૨૪૩ કામદારોને અપાશે. લોહીના દબાણ, ઈલેક્ટ્રીક શૉક, હાડકા ફ્રેકચર સમયે પ્રાથમિક સારવારની જરૂર છે. તેની તાલીમ અપાશે. અલંગ યાર્ડના પોર્ટ ઓફિસર કૅપ્ટન સુધીર ચડ્ડા, તાલીમ સંકુલના નિયામક રાજેશ અસારી સાથે મળી તાલીમ અપાશે.

## આદર્શ સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લામાં રોહિત સમાજની આદર્શ સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટની જિલ્લા કારોબારીની બેઠક યોજાઈ હતી. સંસ્થાના મહામંત્રીશ્રી દિપકભાઈ આકેડીવાળાએ જણાવેલ છે કે, જિલ્લા કમિટીના હોદ્દેદારો મહામંત્રી મિટીંગ યોજાઈ હતી.

# હિંમતનગર ખાતે પ્રથમ વાલ્મિકી સમાજનો અનોખો જીવનસાથી મેળો યોજાશે

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે રવિવારના રોજ જિલ્લાના વાલ્મિકી સમાજનો અનોખો જીવનસાથી પરિચય મેળો યોજાશે. જેમાં જિલ્લાના નવા ચૂંટાયેલા ધારાસભ્યોનો સત્કાર સમારંભ પણ યોજાશે. આ અંગેની વિગત આપતા જિલ્લા વાલ્મિકી સમાજની યાદીમાં જણાવેલ કે ૨૭મી જાન્યુઆરીના રોજ બપોરના સમયે હિંમતનગર શહેરના આંબાવાડી રેલવે ફાટક પાસે આવેલ સહકાર હોલમાં વાલ્મીકી સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે પ્રથમ જીવન સાથી પરિચય-પસંદગી મેળો યોજાશે અને એમાંય અનોખી વાત એ છે કે સમાજના અપરણિત, વિધુર, વિધવા અને ત્યકતાઓ પણ ભાગ લેશે ઉપરાંત નવા ચૂંટાયેલા ધારાસભ્યોના સત્કાર સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## હિંમતનગર ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના પોલિસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૨૬મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિનની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવશે. રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી રમણલાલ વોરા સવારે ૯ કલાકે ધ્વજવંદન કરાવશે ત્યાર બાદ પરેડનું નિરિક્ષણ કરશે. બાદમાં જિલ્લાની વિવિધ સ્કૂલો અને સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાશે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટી ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ બંધ રહેશે
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧